



# ફ્લોરિડા પર શક્તિશાળી વાવાઝોડું મિલ્ટનનું જોખમ, લોકોને રાજ્ય છોડીને જતા રહેવા કહેવાયું

**ફ્લાઈટ્સ** બંધ કરાઈ, માર્ગો પર ભારે ટ્રાફિક અને ગેસ સ્ટેશનો પર ઈંધણ સમાપ્ત થતા હજારો નાગરિકો ફસાયા

**સદીમાં** એક વખત આટલું પ્રચંડ વાવાઝોડું આવે છે

વોશિંગ્ટન, તા. 8: મોટી આપદા લાવનાર વાવાઝોડા 'મિલ્ટન'ના ટેમ્પા અને સેન્ટ પીટર્સબર્ગ પર સીધા ત્રાટકવાના જોખમના કારણે હજારો ભયભીત નાગરિકો ફ્લોરિડા રાજ્ય છોડીને ભાગી જવા માટે બેબાકળા બન્યા હતા. સદીમાં એક વખત આવતા આવા પ્રચંડ વાવાઝોડાએ આ પ્રદેશને ભારે તોફાન સાથે ઘેરી લીધું હતું.

આઈ-75 અને આઈ-4 સહિત રાજ્યભરના મુખ્ય માર્ગો આજે સવારે અટકી પડ્યા હતા કારણ કે કારની લાંબી લાઇનો રાજ્યમાંથી ભાગી જવાનો પ્રયાસ કરી રહી હતી. ટામ્પા, સેન્ટ પીટર્સબર્ગ અને ઓર્લાન્ડોના એરપોર્ટ્સ પર પહેલેથી જ ફ્લાઇટ્સ બંધ કરવામાં આવી છે, એટલે કે સ્થાનિક લોકો ટૂંક સમયમાં વિમાન દ્વારા બહાર નીકળી શકશે નહીં.

ટામ્પા ખાડી વિસ્તારના અધિકારીઓએ રહેવાસીઓને 'નાસી જવા અથવા મરી જવા'ની ચેતવણી આપી હતી કારણ કે કેટેગરી-4 તાકાતનું વાવાઝોડું, જે ગીચ વસ્તીવાળા મેટ્રો વિસ્તારને જોખમમાં મૂકે છે, તે નજીક આવ્યું હતું. જો કે, કેટલાક રહેવાસીઓએ દાવો કર્યો છે કે તેઓ ઘરો ખાલી કરવાના આદેશોનું પાલન કરી શકતા નથી કારણ કે તે વધુ જોખમી હોઈ શકે છે. રસ્તાઓ પર ટ્રાફિક ખૂબ ગીચ છે અને તેમના વિસ્તારોમાં ગેસ સ્ટેશનો પર ઈંધણ સમાપ્ત થયું હતું.

મિલ્ટન વાવાઝોડું 155 માઈલ પ્રતિ કલાકની ઝડપના પવન સાથે રાજ્ય તરફ આવી રહ્યું હોવાથી ફ્લોરિડાના પશ્ચિમ કિનારાનો લગભગ સમગ્ર વિસ્તાર વાવાઝોડાની ચેતવણી હેઠળ છે.

## PSLV-37 રોકેટનો ઉપલો ભાગ આગાહી મુજબ ધરતીના વાતાવરણમાં પ્રવેશ્યો: ઈસરો

**પીએસએલવી**-સી37 વર્ષ 2017માં રેકોર્ડ 104 ઉપગ્રહો સાથે લોન્ચ કરવામાં આવ્યું હતું

બેંગ્લુરૂ, તા. 8 (પીટીઆઈ): પીએસએલવી-37 રોકેટનો ઉપલો ભાગ, જેણે સાત વર્ષ કરતાં વધુ સમય પહેલાં રેકોર્ડ સંખ્યામાં 104 ઉપગ્રહો લોન્ચ કર્યા હતા, તે આગાહી મુજબ પૃથ્વીના વાતાવરણમાં ફરી પ્રવેશ્યું છે, એમ ભારતીય અવકાશ સંશોધન સંસ્થાએ મંગળવારે જાહેરાત કરી હતી. પીએસએલવી-સી37 15 ફેબ્રુઆરી, 2017ના રોજ મુખ્ય પેલોડ તરીકે કાર્ટોસેટ-2ડી સાથે અન્ય 103 ઉપગ્રહો સાથે લોન્ચ કરવામાં આવ્યું હતું.

તેણે એક જ વાહન સાથે 104 ઉપગ્રહો લોન્ચ કરવાના પ્રથમ મિશન તરીકે ઈતિહાસ રચ્યો હતો, એમ બેંગલુરુમાં મુખ્યમથક ધરાવતી રાષ્ટ્રીય અવકાશ એજન્સીએ એક નિવેદનમાં નોંધ્યું હતું.

ઉપગ્રહોને છોડ્યા બાદ, અપર સ્ટેજને (પીએસ-4) આશરે 470 x 494 કિમી વિસ્તારની ભ્રમણકક્ષા પર છોડી દેવામાં આવ્યો હતો. તેને નિયમિતપણે ટ્રેક કરવામાં આવ્યું હતું અને તેની ભ્રમણકક્ષાની ઊંચાઈ ધીમે ધીમે ક્ષીણ થઈ ગઈ હતી, મુખ્યત્વે વાતાવરણીય ખેંચાણની અસરોને કારણે, એમ તેણે જણાવ્યું હતું.

સપ્ટેમ્બર 2024થી, આઈએસ4ઓએમ (ઈસરો સિસ્ટમ ફોર સેફ એન્ડ સસ્ટેનેબલ સ્પેસ ઓપરેશન્સ મેનેજમેન્ટ) નિયમિતપણે તેની ભ્રમણકક્ષાના ક્ષયનું નિરીક્ષણ કર્યું હતું અને ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં વાતાવરણમાં પુનઃપ્રવેશની આગાહી કરી હતી.

રિ-એન્ટ્રી છ ઓક્ટોબરે થઈ હતી. 'તેનું પડવાનું સ્થળ ઉત્તર એટલાન્ટિક મહાસાગરમાં છે' એમ તેણે કહ્યું.

'રોકેટ બોડીનું વાતાવરણમાં પુનઃપ્રવેશ આંતરરાષ્ટ્રીય કાટમાળ શમન માર્ગદર્શિકા સાથે સંપૂર્ણપણે સુસંગત છે, ખાસ કરીને, ઈન્ટર-એજન્સી સ્પેસ ડેબ્રિસ કોઓર્ડિનેશન કમિટીની (આઈએડીસી) માર્ગદર્શિકા સાથે જે ધરતીની નીચલી ભ્રમણકક્ષામાં (એલઈઓ) નિષ્ક્રિય પદાર્થનું પોસ્ટ મિશન ઓર્બિટલ જીવનને 25 વર્ષ સુધી મર્યાદિત કરવાની ભલામણ કરે છે', એમ નિવેદનમાં જણાવાયું હતું.



## પાકિસ્તાની યુઝર્સે ઝાકીર નાઈકને ટ્રોલ કર્યો, સરકારને કહ્યું આવા અભણ લોકોને આમંત્રણ આપશો નહીં

**પાકિસ્તાનીઓએ** તેને બોલાવ્યો હતો જેથી તેઓ જાણી જાય કે શા માટે ભારતે તેના પર પ્રતિબંધ મૂક્યો હતો: પાકિસ્તાની યુઝર્સ

ઈસ્લામાબાદ, તા. 8: વિવાદાસ્પદ ઈસ્લામિક ઉપદેશક ઝાકિર નાઈક, જેઓ પાકિસ્તાનની સરકારી મુલાકાતે છે, તે દેશભરના શહેરોમાં તેમના ભાષણ દરમિયાન કરેલી ટિપ્પણીઓને કારણે સોશિયલ મીડિયા પર ટ્રોલ થઈ રહ્યા છે.

તેમનું તાજેતરનું નિવેદન, જેમાં તેઓ કુંવારીકાઓને સલાહ આપતા જોવા મળે છે જેઓ લગ્ન કરવા માગે છે, તે વર્તમાન વિવાદનું કેન્દ્ર બન્યું હતું. પાકિસ્તાનમાં સોશિયલ મીડિયા યુઝર્સે ભાગેડુ ઉપદેશકને ટ્રોલ કર્યા હતા, તેમણે કહ્યું હતું કે 'તેને કોણે આમંત્રણ આપ્યું? મહેરબાની કરીને આગલી વખતે આવા અભણ લોકોને આમંત્રિત કરશો નહીં.'

અન્ય એક યુઝરે લખ્યું, 'મૂળભૂત રીતે, પાકિસ્તાનીઓએ તેને બોલાવ્યો હતો જેથી તેઓ જાણી જાય કે શા માટે ભારત અને અન્ય દેશોએ તેના પર પ્રતિબંધ મૂક્યો હતો.'

મલેશિયામાં રહેતા નાઈકે ગયા અઠવાડિયે પાકિસ્તાનની લગભગ એક મહિનાની મુલાકાત શરૂ કરી હતી અને હવે તે વિચિત્ર નિવેદનો આપવા માટે ઈન્ટરનેટ પર ટીકાઓનો સામનો કરી રહ્યો છે.

ઝાકિર નાઈક પાકિસ્તાનમાં તેમના ભાષણ દરમિયાન એક યુવતીના પ્રશ્નનો જવાબ આપતા ઈરાદાપૂર્વક તેના પર ધાર્મિક રીતે ઉગ્રવાદી સમાજમાં ઈશનિંદાનો આરોપ મૂક્યો હતો જ્યાં ટોળાંઓ આવા આરોપો પર લોકોને માર મારીને મારી શકે છે. 'આ માણસ આપણો દેશ ક્યારે છોડશે?' નાઈકના ઉપદેશોથી નારાજ થયેલા અન્ય યુઝર્સે લખ્યું.

## AIનો પાયો નાંખતી શોધ કરનાર જ્હોન હોપફિલ્ડ અને જ્યોફ્રી હિન્ટનને ભૌતિકશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર

**હિન્ટન** એઆઈથી માનવજાત પર થનારી અસરથી ચિંતિત, તેમને આ પુરસ્કાર મળવા પર આંચકો લાગ્યો



સ્ટોકહોમ, તા. 8 (એપી): આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો પાયો નાંખનાર બે વિજ્ઞાનીઓ જ્હોન હોપફિલ્ડ અને જ્યોફ્રી હિન્ટનને મશીન લર્નિંગનો આધાર બનાવવામાં મદદ કરવા માટે મંગળવારે ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર માટે પસંદ કરાયા હતા, એમ નોબેલ કમિટિએ મંગળવારે જણાવ્યું હતું. મશીન લર્નિંગે આપણી કામ કરવાની અને જીવનની રીતમાં ક્રાંતિ લાવી છે પરંતુ માનવતા માટે નવા જોખમો પણ ઉભા કર્યા છે, એમ વિજેતાઓમાંના એકે જણાવ્યું હતું.

આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સના ગોડફાધર તરીકે ઓળખાતા હિન્ટન કેનેડા અને બ્રિટનના નાગરિક છે જે યુનિવર્સિટી ઓફ ટોરોન્ટોમાં કામ કરે છે અને હોપફિલ્ડ અમેરિકન નાગરિક છે જેઓ પ્રિન્સટનમાં કામ કરે છે.

'આ વર્ષના ભૌતિકશાસ્ત્રના બે નોબેલ પુરસ્કાર વિજેતાઓએ ભૌતિકશાસ્ત્રના સાધનોનો ઉપયોગ કરીને એવી પદ્ધતિઓ વિકસાવી છે જે આજના શક્તિશાળી મશીન લર્નિંગનો પાયો છે', એમ નોબેલ કમિટિએ કહ્યું હતું.

કમિટિનાં એક સભ્ય એલેન મૂન્સે એઆઈની ખરાબ અસરનો ઉલ્લેખ કરતા કહ્યું કે 'જ્યારે મશીન લર્નિંગના અનેક લાભો છે, ત્યારે તેના ઝડપી વિકાસથી આપણા ભવિષ્ય વિશે પણ ચિંતાઓ ઊભી થઈ છે.'

હિન્ટનને પણ આ ચિંતાઓ છે, તેમણે ગૂગલમાંથઈ રાજીનામું આપ્યું હતું જેથી જે ટેક્નોલોજી બનાવવામાં તેમણે મદદ કરી હતી તેના જોખમો વિશે તે વધુ મુક્તપણે બોલી શકે.

## કોંગ્રેસ-NCP દ્વારા જાહેર કરાયેલા મુખ્યમંત્રી ઉમેદવારને સમર્થન આપશું: ઉદ્ધવ ઠાકરે

મુંબઈ, તા. 8 : મહારાષ્ટ્રના ભૂતપૂર્વ સીએમ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું છે કે મહારાષ્ટ્રને બચાવવા માટે શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે/યુબીટી) કોંગ્રેસ અને એનસીપી (શરદ પવાર/એસપી) દ્વારા સીએમ તરીકે જાહેર કરાયેલ કોઈપણ ચહેરાને સમર્થન આપશે. ભાજપ પર નિશાન સાધતા તેમણે દાવો કર્યો કે સરકાર મહારાષ્ટ્રમાં જાહેરાતોની મદદથી ખોટા સમાચાર ફેલાવી રહી છે. મહારાષ્ટ્રમાં આ વર્ષના અંતમાં વિધાનસભા ચૂંટણી યોજાઈ શકે છે. ચૂંટણી પંચની ટીમે રાજ્યની મુલાકાત લીધી છે અને તમામ મતદારોના મંતવ્યો લીધા છે. ચૂંટણી પ્રક્રિયા વિધાનસભાની મુદત પૂરી થાય તે પહેલા એટલે કે ડિસેમ્બર મહિના પહેલા પૂર્ણ કરવાની હોય છે. આવી સ્થિતિમાં રાજ્યમાં રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે.

મુંબઈમાં એક કાર્યક્રમને સંબોધતા પૂર્વ સીએમ ઉદ્ધવે કહ્યું કે આવતા મહિને સંભવિત વિધાનસભા ચૂંટણી પહેલા મહારાષ્ટ્ર સરકાર જાહેરાતો દ્વારા રાજ્યમાં નકલી વાર્તાઓ બનાવી રહી છે. તેમણે સરકાર પર દગો કરવા માટે દબાણ કરવાનો આરોપ પણ લગાવ્યો છે. ઉદ્ધવે કહ્યું કે મહાયુતિ સરકાર 'લડકી બહન' યોજના દ્વારા જનતાને તેમના પોતાના જ પૈસા આપીને 'મહારાષ્ટ્ર ધર્મ' સાથે દગો કરવા માટે મજબૂર કરી રહી છે. સરકાર પર નિશાન સાધતા ઠાકરેએ કહ્યું કે આ યોજના હેઠળ રાજ્યમાં લાયક મહિલાઓને 1,500 રૂપિયા આપવામાં આવે છે.આ વખતે મહારાષ્ટ્રમાં રાજકીય હરીફાઈ ઘણી રસપ્રદ બને તેવી શક્યતા છે.

## ઉપવાસ પર બેસેલા તબીબો સાથે એકતા દર્શાવતા આરજી કાર હોસ્પિટલના 50 વરિષ્ઠ ડોક્ટરોના રાજીનામાં

**જુનિયર** ડોક્ટરો છેલ્લા ચાર દિવસથી આમરણાંત ઉપવાસ પર છે, પણ યોગ્ય સત્તાધિકારી તરફથી કોઈ પ્રતિસાદ મળ્યો નથી: સિનીયર ડોક્ટર્સ

કોલકાતા, તા. 8 (પીટીઆઈ): આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના આશરે 50 સિનીયર ડોકટરોએ મંગળવારે મૃતક મહિલા ડોક્ટર માટે ન્યાયની માગણી સાથે આમરણાંત ઉપવાસ પર બેઠેલા તબીબો સાથે એકતા દર્શાવતા તેમના રાજીનામા આપ્યા હતા, એમ હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું હતું.

સામૂહિક રાજીનામું આપવાનો નિર્ણય મંગળવારે સવારે રાજ્ય સંચાલિત હોસ્પિટલના વિભાગોના વડાઓની બેઠકમાં લેવામાં આવ્યો હતો, એમ તેમણે જણાવ્યું હતું.

'એચઓડીની આજની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. અમારી હોસ્પિટલના લગભગ 50 સિનીયર ડોકટરોએ તેમના રાજીનામા પત્રો પર સહી કરી છે. આ તે યુવાન ડોકટરો પ્રત્યે અમારી એકતા વ્યક્ત કરવા માટે છે જેઓ એક સારા હેતુ માટે લડી રહ્યા છે', એમ એક વરિષ્ઠ ડોકટરે પીટીઆઈને કહ્યું. એનઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના સિનીયર ડોકટરો પણ આરજી કાર હોસ્પિટલમાં તેમના સાથીદારોના પગલે ચાલવા અંગે વિચારણા કરી રહ્યા હતા, એમ તેમણે જણાવ્યું હતું. જોઈન્ટ પ્લેટફોર્મ ઓફ ડોક્ટર્સ, વેસ્ટ બંગાલે જુનિયર તબીબો સાથે એકતાનું વચન આપ્યું છે જેઓ પોસ્ટ ગ્રેજ્યુએટ ટ્રેઈની ડોક્ટર માટે ન્યાયની માગ કરી રહ્યા છે.





■ ભારતીય વાયુસેનાએ ચેન્નાઈના તાંબરમમાં એરફોર્સ સ્ટેશન ખાતે ભારતીય વાયુસેનાના 92મા વાર્ષિક દિવસની ઉજવણી કરી હતી. ભારતીય વાયુસેનાની એરોબેટિક્સ ટીમ 'સૂર્ય કિરણ' ભારતીય વાયુસેનાના 92મા વાર્ષિક દિવસની ઉજવણી દરમિયાન પ્રદર્શન કરે છે